# ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમ પ્રવેશ વર્ષ-૨૦૧૬

## ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમના રાઉન્ડ-૨ માં મળેલ પ્રવેશ Conform (કાયમ) કરવા તેમજ સંસ્થા ખાતે રીપોર્ટીંગ કરવા અંગે

## ઉમેદવારોને જરૂરી અને અગત્યની સૂચના

1. જે વિદ્યાર્થીઓ માટે ટ્યૂશન ફી ની રકમ જમાં કરાવવાની છે તેવા વિદ્યાર્થીઓએ તા. ૨૭-૦૭-૨૦૧૬ થી તા. ૨૯-૦૭-૨૦૧૬ દરમ્યાન જરૂરી ટ્યુશન ફીની રકમ રોકડમાં દેના બેંકની નિર્ધારીત શાખા અથવા ઓનલાઈન જમા કરાવી ત્યારબાદ ઉમેદવારે પોતાનાં Login IDમાંથી **Admission Detail** ઉપર ક્લિક કરી પોતાની “Admission Slip” ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે.
2. જે ઉમેદવારોની Payment Slip માં શૂન્ય ફી (Zero Fee) દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ બેંકમાં જવાની જરૂર નથી. આવા ઉમેદવારોએ પોતાનાં Login ID ની મદદથી ઓનલાઈન જ પ્રવેશ કાયમ કરાવવાનો રહેશે. આવા ઉમેદવારો પોતાના પ્રવેશ કાયમ કરાવવા માટે **Result —> Information Letter** ક્લિક કરી **Accept** બટન દબાવવાનું રહેશે અને “Admission Slip” ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે. જે ઉમેદવારો **Decline** બટન દબાવશે તેઓનો પ્રવેશ કાયમ થશે નહીં.
3. બેઠક ફાળવાયેલ ઉમેદવાર તા. ૨૯-૦૭-૨૦૧૬ સુધીમાં ફી જમા નહીં કરાવે તો તેઓને ફાળવાયેલ પ્રવેશ આપોઆપ રદ થશે.
4. જે ઉમેદવારોને પ્રવેશ સમિતિ દ્વારા મળેલ પ્રવેશ કાયમ કરાવેલ છે તેવા વિદ્યાર્થીઓએ **પ્રવેશ મળેલ સંસ્થા ખાતે** એનરોલમેન્ટ માટે “Admission Slip”, બેન્ક ચલણ તથા પ્રમાણપત્રોની નકલ સાથે **તા. ૩૦-૦૭-૨૦૧૬ સુધીમાં રીપોર્ટીંગ કરાવવાનું રહેશે. સંસ્થા ખાતે ઉમેદવારે અસલ પ્રમાણપત્રો જમાં કરવાની જરૂરીયાત નથી અને જો જમાં કરાવશે તો ઉમેદવારની પોતાની સંપૂર્ણ જવાબદારી રહેશે.** જે ઉમેદવારો સંસ્થા ખાતે **આ સમયમર્યાદામાં રીપોર્ટીંગ નહી કરાવે** તેવા **ઉમેદવારોનો પ્રવેશ રદ થશે,** તથા તેમની ફી પરત મળવા પાત્ર રહેશે નહી.
5. પ્રથમ વર્ષ ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની પ્રથમ સત્રની શરૂઆત **તા. ૦૪-૦૮-૨૦૧૬ ગુરૂવાર**ના રોજ થતી હોઈને પ્રવેશ મેળવેલ તમામ ઉમેદવારોએ તા. ૦૪-૦૮-૨૦૧૬ ગુરૂવાર સુધીમાં સંસ્થા ખાતે શૈક્ષણિક કાર્યમાં જોડાઈ જવાનું રહેશે.

**તા. ૨૭-૦૭-૨૦૧૬** — **મેમ્બર સેક્રેટરી**